અપીલ અરજી નં.૧૧૦ તા.૨૫–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી ધર્મેન્દ્રભાઈ તુલસીભાઈ સુરતી
સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ધર્મેન્દ્રભાઈ તુલસીભાઈ સુરતીની તા.૧૨–૩–૧૦ ની અરજીથી ટેના. નં.૧૯સી–૦૩–૦૦૨૧–૦–૦૦૧ માં તા.૧–૪–૦૮ થી તા.૩૧–૩–૦૯ ના વર્ષમાં તુલસી/રામજી ભગવાનભાઈનું નામ વેરાબીલમાં આવેલ હતું પરંતુ તા.૧–૪–૦૯ થી ૩૧–૩–૧૦ ના વર્ષમાં કબ્જેદારમાં રામજી ભગવાનભાઈનું નામ વેરાબીલમાં કઈ રીતે આવ્યું તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૫–૬–૧૦ ની **SMC/FAP/** નં.૧૧૦/૨૦૧૦–૧૧

શ્રી ધર્મેન્દ્રભાઈ તુલસીભાઈ સુરતીની તા.૧૨–૩–૧૦ ની અરજીથી ટેના. નં.૧૯સી –૦૩ –૦૦૨૧–૦ –૦૦૧ માં તા.૧–૪–૦૮ થી તા.૩૧–૩–૦૯ ના વર્ષમાં તુલસી/રામજી ભગવાનભાઈનું નામ વેરાબીલમાં આવેલ હતું પરંતુ તા.૧–૪–૦૯ થી ૩૧–૩–૧૦ ના વર્ષમાં કબ્જેદારમાં રામજી ભગવાનભાઈનું નામ વેરાબીલમાં કઈ રીતે આવ્યું તેની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ લગભગ દોઢ માસના વિલંબથી એપેલેટ ઓફિસરને તા.૨૫–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૪૧૪ તા.૨૯–૬–૧૦ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૨૩૮ તા.૨૩–૭–૧૦ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને આપેલ માહિતી અંગેના પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૨૩૮ તા.૨૩–૭–૧૦ ના પત્રની નકલ, મુળ અરજીની નકલ, સદર મિલ્કતનું ૨૦૦૮–૦૯ ના બીલની નકલ તા.૪–૨–૦૯ ના વેરા રસીદની નકલ, ૨૦૦૯–૧૦ ના વેરાબીલની નકલ, તા.૫–૨–૧૦ ની રસીદની નકલ, તા.૩૧–૩–૦૯ ના પાર્ટીસ્ટેટસની નકલ, અરજદારની તા.૩–૫–૧૦ ના રોજ વકીલ મારફતે કમિ.શ્રીને કરેલી અરજીની નકલ, ફી ભર્યાની વિગત, ટીકા નં.૨૨ ના રેકર્ડની નકલ, તુલસીભાઈ સુરતીના મરણનો દાખલો તથા ભીખી તુલસીભાઈના મરણનો દાખલો તથા પંચનામું, ટેનામેન્ટ રેકર્ડની માહિતી અને પાર્ટી સ્ટેટસની નકલ રજૂ કરેલ છે. અરજદારે અપીલ અરજીમાં મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, સને ૨૦૦૮–૦૯ નું વેરાબીલ સને ૨૦૦૯–૧૦ નું વેરાબીલ તુલસીદાસ ભગવાનદાસ સુરતીનું તા.૧૮–૨–૦૫ ના મરણનો દાખલો ભીખીબેન તુલસીબેન ભગવાનભાઈ સુરતીનું તા.૧૬–૧૧–૦૩ ના મરણનો દાખલો , સીટી સર્વે સીંગણપોરની ટીકા નં.૨૨ ની નકલ, અત્રે મળેલ છે. અરજદારની અપીલ અરજી દોઢ માસના વિલંબથી કરેલ છે તથા તે અંગે કોઈ વાજબીપણું રજૂ કરેલ નથી છતાં કાયદાનું હાર્દ ધ્યાને લઈ અપીલ ગ્રાહય રાખવામાં આવેલ છે.

અરજદારની તા.૧૨–૩–૧૦ ની અરજીથી ઉપરોકત વિષય અને સંદર્ભે અરજદારે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને કરવામાં આવેલ. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ નિર્ણય મળેલ ન હોવાનું જણાવી અરજદારે તા.૨૫–૬–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે આજ દિન સુધી જવાબ મળેલ નથી તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારીએ તા.૨૩–૭–૧૦ ના રોજ આપેલ પૂરક વિગતોમાં પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૨૩૮ તા.૨૩–૭–૧૦ થી અરજદારને ટેના નં.૧૯સી–૦૩–૦૦૨૧–૦–૦૦૧ થી નોંધાયેલ મિલ્કતમાં વર્ષ ૨૦૦૮–૦૯ સુધીમાં દાખલનામો તુલસીદાસ રામજીભાઈ ભગવાનભાઈના સંયુકત નામો સદર ટેનામેન્ટથી નોંધાયેલ મિલ્કતમાં તે મુજબનો સુધારો ઝોનના આકારણી દફતરે કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. જેના પુરાવા રૂપે તા.૧૬–૭–૧૦ ના પાર્ટીસ્ટેટસની નકલ રજૂ કરેલ છે. જેમાં તુલસીદાસ રામજીભાઈ ભગવાનભાઈ માલિક તરીકે દર્શાવેલ છે. અરજદારે અપીલ અરજીમાં આજ દિન સુધી કોઈ જવાબ મળેલ નહીં હોવાનું જણાવી અપીલ કર્યાનું જણાવેલ. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નિયત સમય અવધિ બાદ પણ અરજદારે માંગેલ માહિતી પૂરી પાડેલ નથી. તા.૨૩–૭–૧૦ ના જાહેર માહિતી અધિકારીના પ્રત્યુત્તરની નકલ પરથી ફરીયાદનો નિકાલ થયાની જાણ કરેલ છે પરંતુ માહિતી આપવા વિશે કોઈ ઉલ્લેખ નથી કે તેના ઈન્કાર માટે કલમ–૮,૯ કે ૧૧ નો અપવાદ જણાવેલ નથી. અરજદાર પક્ષે ફરીયાદના નિકાલના અનુસંધાને માહિતી મેળવ્યાનું જતું કરેલ હોય તેવી કોઈ રજૂઆત જણાતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૨–૩–૧૦ ની અરજીથી માંગેલ માહિતી અરજદારની વિલંબિત અપીલને અનુલક્ષી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ ની જોગવાઈ અનુસાર નિયત ફી વસુલ લઈ દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને માહિતી પૂરી પાડવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી,નોર્થઝોન... ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી ધર્મેન્દ્રભાઈ તુલસીભાઈ સુરતી,